

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પેઢીઓની આ સત્તાલાલસા, એક થવા નહીં દે,*
*છે ધન લોભી, આ અમીચંદો, એક થવા નહીં દે*
*સ્વાર્થી જૂથોની આ ખેંચતાણ, એક થવા નહીં દે*
*સત્તાભૂખ, સંયુક્ત મોર્ચાને, એક થવા નહીં દે*
*(ટોચથી તાલુકા સુધી કોંગીમાં સત્તાભૂખ)*

હાઈકુ

*પાડે છે ખૂણો,*
*બહુમતિ બિચારી -*
*છતે ધણીએ...*

*કોઈ, કોઈને*
*નેતા માનતા નથી*
*‘માજી’ના પુત્રો !*

*(કોંગ્રેસમાં સર્વ માન્ય નેતૃત્વનો અભાવ)*

### ચિંતન

*જ્ઞાનં સત્તાં માનમદાદિનાશન કે કેષાગ્ચિદેવતન્મદમાનકારણ્ ।*
*સ્થાનં વિવિક્તં યમિનાં વિમુક્તયે કામાતુરાણામપિ કામકારણમ્ ॥*

ઉપરોક્ત શ્લોક વૈરાગ્યશતકમાંથી લેવામાં આવેલ છે.

સજ્જન જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વિનમ્ર બને છે અને દુર્જન જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અહંકારી બને છે. જેમ એકાંત સ્થાન યોગી કે સાધક માટે તપોભૂમિ બને છે. એ જ રીતે આ સ્થાન કામી પુરુષો માટે કામવાસના તૃપ્ત કરવાનું ઉત્તમ સ્થાન બને છે.

જ્ઞાનપ્રાપ્તનું પહેલું સોપાન અહંકારનો નાશ કરવો એ જ છે. વિશ્વભરનું જ્ઞાન મેળવ્યાથી માણસ પોતે જ્ઞાની છે એવા અભિમાનથી ઘેરાઈ જતો હોય તો પછી જ્ઞાનનું પહેલું જ પગથિયું એ ચૂકી ગયો છે એમ કહેવાય. જ્ઞાની પુરુષ બરાબર સમજે છે કે પોતે જે જાણે છે તે કરતાં જે નથી જાણતો એ અપાર છે.

આથી ઊલટું થોડીક જાણકારી ને જ્ઞાન માનીને જે પુરુષ અહંકાર સેવે છે તેને ભર્તૃહરિ એ આ શ્લોકમાં દુર્જન કહ્યો છે. દુર્જનનું પહેલું લક્ષણ અહંકાર છે. જ્ઞાનપ્રાપ્તિથી તેના અહંકારમાં વૃદ્ધિ થાય છે અને આમ જ્ઞાનનો પાયાનો હેતુ નષ્ટ થાય છે.

ઝવેરચંદ મેઘાણી એ આવા ગુમાની માટે લખ્યું છે કે ‘મારા જ્ઞાન ગુમાનની પોટલી રે, ઉતરાવો ને કોઈ આજ.’

### સુવિચાર

- નજરેં ઉઠાકે આઈને મેં દેખા જાયે, ફિર મેરી તરફ પથ્થર ફેંકા જાયે - **ઈકબાલ પટેલ**
- સપનું એટલે પગથિયાં વિનાની સીડી અને ધ્યેય એટલે નિશ્ચિત કરેલાં પગથિયાં - **અખંડ આનંદ**
- ‘મા-બાપ’ પર પણ એટલો જ વિશ્વાસ રાખો જેટલો દવા પર રાખો છો, બેશક થોડા કડવા હશે પણ તમારા ફાયદા માટે જ હશે - **ભીખુ દાન**
- સપનાઓ તૂટવા પણ જરુરી છે જિંદગીમાં, ખબર તો પડે, કે આપણામાં કેટલી ત્રેવડ છે પાછુ ઉઠવાની - **ગુણવંત શાહ**
- કિનારો ના મળે તો ના સહિ, પણ બીજાને ડૂબાડીને આપણે તરવું ન જોઈએ - **શાહબુદ્દીન રાઠોડ**
- મન બધા પાસે હોય પણ, મનોબળ બહુ થોડા પાસે, બ્લડગ્રુપ ઘણા લોકોનું પોઝીટીવ હોય છે, પણ વિચારો નેગેટીવ હોય છે - **ફેસબુક**
- આજનું ઔષધ : રાઈને વાટીને સાકરની ચાસણીમાં મેળવીને ખાવાથી શરદી મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કોઈની જિંદગીમાં આવેલ સમસ્યાનો ઉકેલ આપવા કોઠાસૂઝ હોવી જેઈએ. કોઈ આદર્શ ઉકેલની શોધમાં અર્થહીન સમય વેડફવાથી જાનનો ખતરો ઊભો થાય છે.

ઉનાળાની ગરમીથી તળાવ સુકાઈને અડધું થઈ ગયું હતું એવામાં તળાવ કિનારેથી એક માણસ ચાલતો નીકળ્યો. ચાલતાં ચાલતાં તેણે ઝીણું રુદન સંભળાયું, આસપાસ નજર કરી તો સુકાયેલા તળાવમાં એક માછલી તરફડીયા મારી રહી હતી. માણસે માછલીને પૂછ્યું, ‘કેમ રોવો છો ?’ માછલીએ આશાભર્યા અવાજમાં કહ્યું, ‘હા હું રોવું છું, કારણ કે પાણી વગર હું મરી જઈશ મને અત્યારે પાણીની જરૂર છે; હું કોઈ સાધારણ માછળી નથી, હું તો પૂર્વમાં આવેલ પર્વતમાંથી પસાર થતા ઝરણાની માછલી છું. મને થોડુંક પાણી મળશે તો હું જીવી જઈશ.’

આ સાંભળી પેલા માણસે કહ્યું, ‘હું હમણાં જ ઝડપી ચાલે પૂર્વ તરફ જઉં છું, ત્યાંના રાજાને વિનંતી કરું છું કે ત્યાંના નદીના વહેણને અહીં સુધી લઈ આવે કે જેથી તું તરત જીવનદાન પામે.’

માછલીએ ગુસ્સે થઈને કહ્યું, ‘અરે ભાઈ, કોઈ પણ માછલી કંઈ પાણીની બહાર જીવી શકે ? મારે તો થોડાક જ પાણીની જરૂર છે. એટલા માટે કંઈ રાજાને કહેવા જવાની જરૂર નથી, આ તળાવમાં જે થોડું પાણી બચ્યું છે તેમાં મને હાથમાં લઈ મૂકી આપો, બસ હું જીવી જઈશ.’

પેલાને બુદ્ધિ સુઝી અને માછલી લઈ તળાવમાં મૂકી, માછલીએ આભાર વ્યક્ત કર્યો.

# રાજકીય શતરંજની નવી ચાલ

**તંત્રીસ્થાનેથી...**

રાહુલ ગાંધી કોંગ્રેસના આગુ સે ચલી આઈ પરંપરાને એક પછી એક આંચકા આપી રહ્યા છે. રાહુલ ગાંધીએ નહેરુ-ગાંધી પરિવારની તાસીરથી વિરુદ્ધ આગામી લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના બુઝર્ગ મરાઠા નેતા શરદ પવારને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે આગળ ધરવાની મંશા વ્યક્ત કરી છે. અલબત્ત, શરદ પવાર તો બહુ મોટા પીઢ નેતા છે અને સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થવાની ઘોષણા સુધ્ધાં કરી ચૂક્યા છે. એમણે પોતાના રાજકીય વારસ તરીકે ભત્રીજા અજિત પવારને અને સુપુત્રીને જાહેર કરી દીધેલ છે. પરંતુ રાજકારણ તો નર્યો શક્યતાઓનો ખેલ છે. પોતે વડાપ્રધાન પદ માટે વર્ષો સુધી ઝંખતા રહ્યા, પરંતુ નહેરુ - ગાંધી પરિવારની મજબૂત પકડને કારણે તેઓ ચક્રવ્યૂહના કોઠા ભેદી શક્યા નહીં. સોનિયા ગાંધીને કોંગ્રેસ પ્રમુખ બનાવવાનો સૌથી બોલકો વિરોધઆ મરાઠા નેતાએ કર્યો હતો. વિદેશી મૂળનાં સોનિયા ગાંધી કોઈ સંજોગોમાં પાર્ટીનાં સર્વોચ્ચ નેતા તરીકે આ મરાઠી માણૂસને સ્વીકાર્ય નહોતાં. એથી એમણે વર્ષો સુધી લોહી પસીનામાંથી સીંચેલી પાર્ટી છોડીને જયાં પોતાનું વજૂદ હતું તે મહારાષ્ટ્ર પૂરતી મર્યાદિત પ્રાદેશિક પાર્ટી બનાવી નાના પાયાનું રાજકારણ રમવાનું પસંદ કર્યું હતું. અલબત્ત, તારીખ અનવર અને સંગમા જેવા થોડાક નેતાઓને એમને સાથ આપવાનો નિર્ણય જરૂર કર્યો હતો પરંતુ રાષ્ટ્રવાદી કોંગ્રેસ મહદંશે મહારાષ્ટ્રની પ્રાદેશિક પાર્ટી જ બની રહી હતી.

મહારાષ્ટ્રમાં કટ્ટર હિંદુત્વ અને મરાઠા અસ્મિતાના ઉદ્‌ગાતા શિવસેનાના સંસ્થાપક બાળાસાહેબ ઠાકરે સાથે પવારને બહુ જ ઉષ્માપૂર્ણ સંબંધો રહ્યા હતા. પ્રતિભા તાઈ પાટીલ કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રપતિ પદનાં અધિકૃત ઉમેદવાર જાહેર થયાં હોવા છતાં બાળાસાહેબે પ્રાદેશિકતાના મુદ્દે એમને ખુલ્લો ટેકો આપ્યો હતો. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની જુગલ જોડી સામે વિપક્ષી એકતા સાધવાના પ્રયાસો વિવિધ સ્તરે શરુ થઈ ગયા છે. શરદ પવારનો રાજકીય પ્રભાવ અને દૂરંદેશી જોતાં રાહુલ ગાંધીએ એમને તમામ નાનાં મોટાં રાજકીય પરિબળોને એક મંચ પર આણવાની જવાબદારી સોંપવાનું પણ વિચાર્યું છે. રાહુલ ગાંધી રાજકીય ક્ષેત્રે બહુ જ સંકોચપૂર્વક સક્રિય થયા હતા પરંતુ તેઓ પોતાની નબળાઈઓ અને મર્યાદાઓથી સુપરિચિત છે. આથી વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે એક પ્રાદેશિક પાર્ટીના નેતાનએ આગળ ધરવાની એમની આ રાજરમત આમ તો વખાણવા લાયક જ ગણાશે. પ્રશ્ન એ રહેશે કે શું શરદ પવાર આ ઑફર સ્વીકરશે, પણ એક તરફ મમતા બેનરજી અને કે. ચંદ્રશેખર રાવની ત્રીજા મોરચાની બિલચાલ સામે રાહુલ ગાંધી શરદ પવાર જેવો હુકમનો એકલો ઊતરે તો તે આખો ઉપક્રમ હેમખેમ પાર પડશે ખરો ? મોદી સામે રાહુલ ગાંધીનું કદ નાનું પડે છે, પણ શરદ પવાર તો મોદીનાય રાજકીય શુભેચ્છક અને મદદગાર રહ્યા છે. રાજકારણમાં કોઈ પણ સમીકરણ ‘ફાઈનલ’ નથી હોતું.

# હરિલાલ ગાંધીને ગમે તેટલો વિરોધ હોય ‘બાપુ’ નો જાહેર વિરોધ એ કરતા નહીં



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

હરિલાલ ગાંધી, મહાત્મા ગાંધીના સૌથી મોટા પુત્ર કે જેમનો ગાંધી વિચાર જગજાહેર હતો. ગાંધીજીને નીચા દેખાડવા માટે હરિલાલે ઈસ્લામ પણ અંગીકાર કર્યો હતો. એ સમયે કસ્તૂરબાના ‘માં નો પોતાનો પત્ર’ વિવિધ વર્તમાનપત્રો અને સામયિકોમાં પ્રસિદ્ધ થયો હતો. એ પત્રની સરળ છતાં ચોટદાર વાતોને કારણે જે કેટલાંક મુસ્લિમો હરિલાલભાઈના ધર્મ પરિવર્તનનો લાભ લેવા માગતા હતા તેમને પણ પોતાની મૂર્ખતા અને ગંભીર ભૂલ સમજાઈ હતી. સાથોસાથ પોતાના ધર્મ પર આ કલંકરુપ છે એવો અહેસા થયો હતો. હરિલાલભાઈએ પણ માંના પત્ર પછી માત્ર બાપુને દુઃખ પહોંચાડવા માટે લીધેલું પગલું પાછું ખેંચી લીધું હતું. આમ, છતાં હરિલાલ મહાત્મા ગાંધી સામે તો સતત વિરોધમાં રહેતા હતા. પરંતુ, એમનો વિરોધ બીજાઓ સમક્ષ કયારેય વ્યક્ત કરતા ન હતા.

દેવદાસ ગાંધી લખે છે ‘હરિલાલભાઈ હંમેશા પોતાના વિચારો પર જ અડગ રહેતા હતા. પોતે બાપુનો વિરોધ કરતા પણ એટલો જ આદર પણ કરતા હતા. પરિવારજનો અને મિત્રો અને અન્યો સમક્ષ ગાંધીજીનું દઢ સમર્થન પણ કરતા હતા. કસ્તૂરબા અને ભાઈઓ પ્રત્યે તેઓ સ્નેહ વ્યક્ત કરતા હતા. તેમ છતાં તેમનો સતત વિરોધ કરવો એમાં એમને આનંદ આવતો હતો. ભાઈઓ અને મિત્રોને તેઓ પ્રેમથી ‘પાખંડી’ કહેતા હતા. એમના મતે અમે બધા ગાંધીજીના વિચારો અનુસારનું જીવન જીવવાનો દેખાડો કરતા હતા પરંતુ વાસ્તવમાં અમે બાપુની સેવા પણ કરતા નહીં કે એમનું અનુશરણ’ પણ કરતા ન હતા.

૧૯૨૦માં હરિલાલભાઈના પત્ની ગુલામબેનનું અવસાન થયું એ પછી તો એકદમ વધુ પડતા સ્વતંત્ર અને સ્વચ્છંદ બની ગયા હતા. તેમની ‘ખાનાબદોશ’ જિંદગીમાં દારૂની કુટેવ જોડાઈ ગઈ હતી. ખુદ બાપુએ પણ, તેમની દારૂની લત છોડાવવા માટે પ્રયાસ કર્યા હતા. તેમણે પણ એ માટે સહયોગ આપ્યો હતો પરંતુ દારૂ તેઓ છોડી શક્યા ન હતા.

એ પોતાના બિચારોમાં એટલા દઢ હતા કે ધર્મ અને કર્તવ્યના લાંબા ઉપદેશ આપનાર તેમને દીઠાં ગમતા નહીં. નીતિના વચનો આપનાર એક પ્રકારના પાખંડી છે એમ તેઓ માનતા હતા. બીજાના આચાર અને વ્યવહારમાં તેમને હંમેશા કોઈને કોઈ પ્રકારનો સ્વાર્થ હોવાનું જણાતું હતું. દેવદાસભાઈ હરિલાલભાઈ વિશે પુસ્તકમાં લખે છે. બીજાઓની જેમ તેઓ એમને પણ કોઈ સલાહ સૂચન કરીએ ત્યારે નિરાશ કરતા હતા. તમે તમારું કામ કરો હું મારું કામ કરું છું એવો જ પ્રત્યુત્તર વાળતા હતા.

**અવળે રસ્તે ચડેલા આ મહાત્માના પુત્ર બાપની જેમ ‘ગીતા’ને હંમેશા સાથે જ રાખતા**

ભારતમાં મહાત્મા ગાંધીએ રેલવે દ્વારા જેટલી મુસાફરી કરી હતી. એટલી જ મુસાફરી લગભગ કરી હતી, એટલી જ મુસાફરી લગભગ હરિલાલભાઈએ પણ કરી હતી. આખા ભારતમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ રેલવેમાં ઉડતા રહેતા હતા. દેશના દરેક ખૂણે રહેતા વિવિધ જ્ઞાતિ - જાતિ - ધર્મ અને સંપ્રદાયના લોકો તેમની પ્રેમથી દેખભાળ રાખતા હતા. હરિલાલના નકારાત્મક બાજુઓ હોવા છતાં લોકોએ તેમને હંમેશા આદર સત્કાર જ આપ્યો હતો. દેવદાસ ગાંધી કહે છે એમનામાં એવું કશુંક ખાસ હતું જે લોકોની તેમની તરફ આકર્ષિત કરતું હતું. અને લોકો તેમના દોષ ભૂલી જતા હતા. કદાચ મહાત્મા ગાંધીના આ જયેષ્ઠ પુત્રમાં ભારતીયોને ‘બાપુ’ના દર્શન થતા હશે.


હરિલાલની એક વિશેષતા એ હતી કે એ જે રસ્તે ચાલે એમાં ગમે તેટલી મુશ્કેલી આવે પણ પાછી પાની કદી કરતા નહીં. સંસારમાં તેમના જેવા બહુ ઓછા માણસો મળે કે જેઓ જિંદગીનો બહુ મોટો ભાગ ફકીરની જેમ વ્યતીત કરે. કેટલોય દિવસો સુધી એ ફાટેલા કપડામાં ખિસ્સામાં એક કોડી પણ ના હોય તેમ ‘સંપૂર્ણ અનાથ’ની જેમ જીવ્યા હતા.

તેમને બહુ આગ્રહ કરવામાં આવે તો થોડો સમય તેઓ કુટુંબ સાથે રહેતા હતા પણ પછી અચાનક આવી નીકળતા હતા. તેમના પુત્ર ડૉકટર કાંતિભાઈ અને તેમનાં પત્નીએ પિતા હરિલાલ ભાઈને ખાસો સમય તેમની સાથે રાખવામાં સફળ થયા હતા. વહુ અને દીકરા પિતાની ખૂબ સારી સેવા ચાકરી કરતા હોવા છતાં તેઓ એમની સાથે વધારે રહ્યા ન હતા.

દેવદાસ ગાંધીએ એક વખત હરિલાલને ઈમાઈલ જોલાનું ‘શરાબ’ પુસ્તક

અનુસંધાન પાના નં. ૭ પર

# પ્રમુખસ્વામી : પરોપકારનું પવિત્ર ઝરણું





**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

સુરત સ્વામિનારાયણ મંદિરેથી એક રવિવારના દિવસે મંદિરના સંતનો ફોન આવ્યો. સંત તરફથી એક સમાચાર મળ્યા કે જેનાથી મનમાં પ્રસન્નતાનો ભાવ થયો. તેમણે કહ્યું કે પ્રમુખસ્વામી મહારાજ ડુમ્મસમાં છે અને તે દિવસે સાંજે તેમની મુલાકાત કરવી તથા દર્શન કરવા શક્ય છે. આવા અર્થસભર આમંત્રણ માટે સંતનો અંતરથી આભાર માન્યો. જીવનમાં કેટલાક અણધાર્યા લાભ પણ કેવા અનાયાસ મળી જતા હોય છે તેના વિચાર માનમાં આવતા રહ્યા. સંત સમાગમ હમેશા જીવનમાં કંઈક નવું કે કશુંક વિશેષ ઉમેરીને જાય છે. હા, એ વાત ખરી છે કે આ સાધુ – સંતોમાંથી મળવા જેવા અને શક્ય બને ત્યાં સુધી મળવાનું ટાળવા જેવા એમ બન્ને પ્રકારના સાધુ – સન્યાસીઓ કે બાબાઓ સમાજે જોયા છે. આ બાબતનો નિર-ક્ષિર વિવેક દરેકે જાળવવો જરૂરી છે. પ્રમુખસ્વામી માટે ડંકાની ચોટ ઉપર કહી શકાય કે તેમને મળ્યા પછી મનમાં હમેશા લાભાન્વીત થયાનો ભાવ અનુભવી શકાયો છે. સાંજે ડુમ્મસમાં પ્રમુખસ્વામી મહારાજની નિર્મળ તથા રોમે રોમ પવિત્ર એવી છબી પ્રત્યક્ષ જોઇને ફરી આનંદ થયો. સંવાદ કરવા માટે અવકાશ હતો. પ્રમુખસ્વામી સંવાદના સાધુ હતા. વિસંવાદીતા તેમનાથી જોજનો દૂર હતી. સંવાદ કરતી વખતે તેમના શબ્દો સીધા – સોંસરવા તથા કોઇપણ પ્રકારના આડંબર રહીત હતા. પ્રમુખસ્વામીની મુલાકાત થઇ તે સમયે (૧૯૯૪-૯૫) વિવિધ પ્રકારની ટેલીવીઝન સીરીયલોએ લગભગ ઘરોના બેડરૂમ સુધી ધમાકેદાર પ્રવેશ મેળવી લીધો હતો. મોટા ભાગના ઘરોમાં માવતર અને મોટેરાઓ જીવંત સ્વરૂપે આસપાસ વસતા કુટુંબીજનો તથા બાળકો સાથે ડીસ કનેક્ટ થઈને પોતાની જાતને સ્વેચ્છાએ નિર્જીવ ટેલીવીઝન સ્કીન સાથે હોંશે હોંશે કનેક્ટ કરતા હતા. ટીવી સીરીયલ જોવી એ કોઇ વખોડવા પાત્ર બાબત ન હોઈ શકે પરંતુ તેનો અતિરેક જરૂર અણધાર્યા સામાજિક વલણો પેદા કરી શકે છે. આવો ખ્યાલ આટલા વર્ષો પછી આપણાંમાંથી ઘણાને થઇ રહેલો છે. ટીવી સ્કીન કે લેપટોપ તરફ બાળકો – કિશોરોનું અસાધારણ આકર્ષણ તથા અનુસંધાન જગતના ઘણા દેશોમાં ચિંતા તથા વિચારણાનું કારણ બનેલું છે. પ્રમુખસ્વામીએ આ વિષય ઉપરજ ડુમ્મસની આ મુલાકાત વખતે વિગતે વાત કરી. પોતાની ચિંતા પણ વ્યક્ત કરી. આવા સાંપ્રત વિષયના સંદર્ભમાં પ્રમુખસ્વામી નામના આ દિગ્ગજ સંતની દ્રષ્ટિ કેવી વેધક તથા આરપાર જોનારી હતી તેનું સ્મરણ કરતાં આજે પણ અચંબામાં પડી જવાય છે. આ બાબતના સંદર્ભમાંજ મારા એક પ્રશ્નના સંદર્ભમાં પ્રમુખસ્વામીએ કહ્યું કે બાળકોમાં સતત વધતું જતું ટીવી તરફનું આકર્ષણ એ તેમની ચિંતાનો વિષય છે. તેમણે ઉમેર્યું કે ઘણી બધી બાબતો ગળાયા – ચળાયા સિવાય બાળકો સુધી ટીવી સીરીયલોના માધ્યમથી પહોંચે છે અને બાળમાનસને પ્રદુષિત કરે છે. પરંતુ માત્ર નિદાન કરીને અટકી જનાર આ વૈદ્ય ન હતા. આ રોગના પ્રતિકાર તથા મારણ માટેનું પણ એક સુરેખ આયોજન તેમના મનમાં હતું. આ માટે એક ચોક્કસ વ્યવસ્થા પણ ‘‘સો સો વાતુના જાણનારા’’ આ સંતે કરી હતી. અનેક બી.એ.પી.એસ.ના મંદિરોમાં ચાલતી બાળસભાઓ આવા પ્રયાસોનું સીધું પરિણામ છે તેમ કહી શકાય. પરંતુ મનમાં ફરી ફરી એ સ્મૃતિ થયા કરે છે કે ભાવિના ગર્ભમાં લાંબો દ્રષ્ટિપાત કરીને સમાજ પર આવનારી આફતનો અણસાર આ સંતને હતો. તે બાબતની તેમને ચિંતા પણ હતી. સમાજને આ સ્થિતિમાંથી ઉગારી શકાય તેનું આયોજન પણ મનમાં હતું. સંતનું સંતત્વ આવા પરગજુપણામાંથી પ્રગટે છે અને તેથીજ તેની આભા જગતના ખૂણે ખૂણે પ્રસરી રહે છે. આવી કોઈ ચિંતા જગતનો ત્યાગ કરનાર સન્યાસીને વ્યક્તિગત નથી પરંતુ છતાં સમાજના દુઃખે સંત દુઃખી છે. આવા ઉપકારી આત્માઓ જગત કલ્યાણ માટેજ પોતાનું જીવતર વ્યતિત કરે છે. કવિ શ્રી કાગની એક સુંદર તથા અર્થસભર રચનાની કેટલીક પંક્તિઓ આ સંદર્ભમાં યાદ આવે છે.

ઝાડવાં પોતે પોતાના
ફળ નથી ખાતા રે..
ઉપકારી એનો આતમો
વનમાં રઝળતી ને ઘાસ મુખે ચરતી
ગાવલડી પોતે રે દૂધ નથી પીતી..
ઉપકારી એનો આતમો.
રતન રૂપાળાં ને મોંઘા મૂલવાળા..
દરિયો પેરે નહિ મોતીડાની માળારે
ઉપકારી એનો આતમો.

આવા કોઈ સંત જોયા છે ખરા ? તો કવિ કહે છે કે તેમણે નજરોનજર આવા એક સંત જોયા છે. આ સંતનો વેશ ભગવો નથી અને ભગવો વેશ હોવો એ સંતત્વની પૂર્વશરત પણ નથી. પરંતુ ખભા ઉપર અનેક દૂભ્યા – દબાયેલાઓનો ભાર લઈ રવિશંકર મહારાજ નામના આ સંત સતત ચાલતા રહે છે તેમ કવિએ જોયું – અનુભવ કર્યો.

કાગે એક બ્રાહ્મણ ભાળ્યો,
એના ખભે છે ઉચાળો..
મહારાજ પૂગે છે પગપાળો રે
ઉપકારી એનો આતમો.

ગુજરાતની ધરતીનું એ સદ્દભાગ્ય છે કે શ્રેષ્ઠીઓની જેમજ એક સંતોની પરંપરા પણ ગાંધીની આ ભૂમિમાં પાંગરી છે. વિચાર કરીએ તો જૈન સાધુ સંતબાલજી મુનીનું સ્મરણ થાય. આ સાધુએ મહાવીર સ્વામીના કરુણાના સંદેશને હૈયે ધારણ કર્યો હતો. આ કરુણાના પ્રતાપે ભાલના અનેક ગામડાઓમાં પાણી સહીત અનેક પાયાની સુવિધાઓ ઊભી કરવામાં સંતબાલજી પ્રવૃત્ત રહ્યા. ભીક્ષુ અખંડાનંદને અનુભૂતિ થઇ કે પ્રજામાં વિચારબળનું તત્વ પ્રગટાવવું હશે તો સારું સાહિત્ય સસ્તા દરે પહોંચાડવું જરૂરી છે. તેના પરિણામ રૂપે સસ્તા સાહિત્યની યોજનાનો જન્મ થયો તથા અનેક પુસ્તકો વાજબી દરે લોકો સુધી પહોંચી શક્યા. પૂજ્ય મોટાની ઉદાર સખાવતથી દૂર સુદૂરના અનેક ગામડાઓના બાળકોને શાળાનું છાપરૂ ઉપલબ્ધ થયું. પ્રમુખસ્વામી સહિતના આ સર્વ સંતોએ સમાજની ચિંતા કરી અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના સાથે જીવ્યા. જગતના દુઃખે દુઃખી આ સંતોમાં જાણે કે ‘‘કબીરાઈ’’ પ્રગટી હતી. સંવેદના એ આ બધા સંતોને સુખેથી સૂવા દીધા ન હતા. કબીર સાહેબે કહેલું છે :

સુખીયા સબ સંસાર હૈ,
ખાયે ઔર સોયે
દુખિયા દાસ કબીર હૈ
જાગે ઔર રોયે.

# આજે રસિકલાલ પરીખની નાટ્યરચનાઓ વિષયે વકતવ્ય



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર ‘દધિ’

સાહિત્ય વૃત્ત

● ‘ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ’ ગ્રંથ માટે ડૉ. ઉર્મિ ઘનશ્યામ દેસાઈને તથા અનુવાદ ‘હમ્પીના ખડકો’ માટે કવિ હરીશ મીનાશ્રુને સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા છે. તેઓને અભિનંદન સહ શુભકામનાઓ.

● અખિલ હિન્દ મહિલા પરિષદની સુચી શાખાનો કાર્યક્રમ ડૉ. શરીફા વીજળીવાળાના અધ્યક્ષપદે યોજાઈ ગયો. આ પ્રસંગે વાર્તાસ્પર્ધાના વિજેતા વાર્તાકારો સર્વ રમણ માધવ (બોરસદ), બાળવાર્તાકાર ડૉ. ભારતીબેન જી. બોરડ (અમરેલી) અને ભાવનગરના કવિ પ્રદીપ શેઠને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. તેઓને અભિનંદનસહ શુભેચ્છાઓ.

● વડોદરાની જાણીતી સંસ્થા ‘કવિ સંગત’ના ઉપક્રમે શિક્ષણવિદ્ ડૉ. પ્રતાપરાય પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયેલા વિમોચન અને લોકાર્પણ સમારોહમાં શહેરના સાત કવિઓ રાજેન્દ્ર પાઠક (ખુશનુમા), બ્રિજ પાઠક (કવિતા ડૉટ કોમ અને ચોવીસ ગુણ્યા સાત), ડૉ. બ્રહ્મભટ્ટ (સાલી વાટ લાગી ગઈ), રાજેશ બ્રહ્મભટ્ટ ‘રાજ’ (એ માણસને શોધી કાઢો) અને અશોક જાની ‘આનંદ’ (પીલા દે ગઝલ) નું વિમોચન અને લોકાર્પણ કવિ ભાગ્યેશ જહાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા ગઝલકાર ખલીલ ધનતેજવી અને ઉર્દૂ ગઝલકાર પ્રો. સૈયદ નદીમ ખાસ હાજર રહ્યા હતા. વડોદરા શહેરમાં સાત કવિઓના પુસ્તકોનો લોકાર્પણનો આ કાર્યક્રમ અભૂતપૂર્વ હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ ગઝલકાર દિનેશ ડાંગરેએ કર્યું હતું.

સત્યેશ્વર મહાત્મા ગાંધી ફાઉન્ડેશન, વડોદરા તથા કવિ ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણ ચંદ્રક ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલ ‘મહાત્મા ગાંધી ગુણાનુવાદ’ વકતવ્યમાં કહ્યું હતું કે, ‘તેઓ સત્યને જીવ્યા. તેમનામાં મૌન આક્રમકતા સાથેની સર્જકતા હતી.’ ભારતીય ગ્રંથો પ્રત્યે અનુરાગવાળો વિઠ્ઠલભાઈ ઉકાણીએ પરાવિદ્યાના હાર્દરૂપ નીતિ અને મૂલ્યો વગરનો વિકાસ નકામો હોવાનું કહ્યું હતું. ટ્રસ્ટના ટ્રસ્ટી અને પ્રવિણ પ્રકાશન, રાજકોટના સંચાલક ગોપાલભાઈ પટેલે ડાહ્યાભાઈ પટેલને અજાતશત્રુ ગણાવ્યા હતા. કાર્યક્રમનાં ઉત્તરાર્ધમાં, જાણીતા સાહિત્યકારો ડૉ. કેશુભાઈ દેસાઈ અને વડોદરાના ડૉ. વિરંચી ત્રિવેદીને તેમની સાહિત્યસર્જન યાત્રા માટે ‘કવિ ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્મચંદ્રક, શાલ અને ધનરાશિ અર્પણ કરીને સન્માનવામાં આવ્યા હતા. ડૉ. કેશુભાઈ દેસાઈએ કવિ ડાહ્યાભાઈને જુદી માટીના ગણાવ્યા હતા. ડૉ. વિરંચી ત્રિવેદીએ કવિ ડાહ્યાભાઈએ ગાંધીને હૃદયમાં રાખ્યા હોવાનું જણાવી માત્ર ગાંધી રટણ નહીં પરંતુ ગાંધી વિચારનું અનુસરમ કરવા જણાવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ શિક્ષણવિદ ડૉ. પ્રતાપરાય પંડ્યાએ અધ્યક્ષીય વકતવ્યમાં સન્માનિતોના સર્જકત્વને બિરદાવ્યું હતું. ટ્રસ્ટી નીલાબહેન પટેલે આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન કલ્પનાબહેન બારોટ, શ્વેતા જોશી, અને ત્રિવેણીબહેન પંડ્યાએ કર્યું હતું.’ ‘કવિ ડાહ્યાભાી પટેલ સુવર્ણચંદ્રક મેળવનાર મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અને ડૉ. વિરંચી ત્રિવેદીને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ.’

● કવિ નાટ્યલેખક, બહુશ્રુત વિદ્વાન, ઈતિહાસવિદ, સંશોધક, વિવેચક, અનુવાદક અને સંપાદક તરીકે ગુજરાતી સાહિત્યમાં આગવી ભાત પાડનાર રસિકલાલ છોટાલાલ પરીખની સ્મૃતિમાં જુદા જુદા કાર્યક્રમો અને ગ્રંથ પ્રકાશન કરવાનું ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટે નક્કી કર્યું છે. તે સંદર્ભે તા. ૨૨મી માર્ચ, ૨૦૧૮ના રોજ વિશ્વકોશ ભવન ખાતે ‘રસિકલાલ છો. પરીખ : વ્યકિતત્વ અને વાઙ્‌મય વિષે વક્તા બાલકૃષ્મ દોશી અને કુમારપાળ દેસાઈનાં વકતવ્યો યોજાઈ ગયા. તા. ૨૩મી માર્ચ, ૨૦૧૮ના રોજ વક્તા થોમસ પરમારનું ‘ભારતીય વિદ્યા’ (Indology) ના નિષ્ણાંત રસિકલાલ છો. પરીખ’ વિષયનું વકતવ્ય યોજાઈ ગયું. તા. ૨૪મી માર્ચ, શનિવારના રોજ મહેશ ચંપકલાલનું ‘રસિકલાલ પરીખની નાટ્યરચનાઓ’ ઉપરનું વકતવ્ય વિશ્વકોષ ભવન ખાતે સાંજે ૫.૩૦ વાગે યોજાશે.

● અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે તા. ૩જી માર્ચ ૨૦૧૮ના રોજ ‘સ્ત્રીઆર્થ-૩’ નો વિમોચન કાર્યક્રમ, ગુજરાતી લેખક મંડળના પ્રમુખ મનીષી જાનીના અધ્યક્ષપદે યોજાઈ ગયો. જેમાં પુસ્તકનું વિમોચન જાણીતા કર્મશીલ કવયિત્રી - લેખિકા સરુપ ધ્રુવના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્ત્રીઆર્થ-૧ માં ૨૧ વાર્તાઓ; સ્ત્રીઆર્થ-૨માં ૩૩ વાર્તાઓ અને સ્ત્રીઆર્થ-૩માં ૩૯ અનોખી ટૂંકી વાર્તાઓનો સમાવેશ થાય છે. આ સંગ્રહમાં ગાંધીનગરની બે કવયિત્રીઓ પ્રોફે. ઊર્વી અમીનની વાર્તા ‘સુર્ખ’ અને નિયતી કાપડિયાની વાર્તા ‘ડૉબી’ સ્થાન પામી છે. આ કાર્યક્રમનું સંચાલન આર. જે. મેધાએ કર્યું હતું.

● જાણીતા વાર્તાકાર, બાળસાહિત્યકાર, ચિંતક અને ચરિત્ર લેખિકા શ્રીમતી અવંતિકા ગુણવંતભાઈ મહેતાનું તાજેતરમાં દુઃખદ અવસાન થયું છે. તેમણે પોતાની કારકિર્દી બાલસાહિત્યથી કરી હતી. ૧૯૮૨માં ‘કુમાર’માં પ્રગટ થયેલી તેમની વાર્તા ‘અતિ સ્નેહ’ને શ્રેષ્ઠી વાર્તાનું પારિતોષિક મળ્યું હતું. તેમની અન્ય વાર્તાઓ ‘સમણાં - મારી દવાદેવતા’નો તમિલમાં અને ‘આધુનિક સસરા’નો મરાઠામાં અનુવાદ થયો છે. તેમના ચરિત્ર વિષયક પુસ્તક ‘માનવતાની મહેંક’ ને ૨૦૦૩ ના વર્ષનો ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો હતો. ‘તેજકુંવર ચીનમાં’ અને ‘નવો અવતાર’ તેમનાં બાળસાહિત્યનાં પુસ્તકો છે. દસ જેટલા ચિંતનાત્મક પુસ્તકો, તેમણે પ્રકાશિત કર્યા છે. દસ જેટલા પુણ્યાત્માને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ શ્રદ્ધાસુમન અર્પણ.

- muljibhaidadhi@gmail.com